# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૧ | ૧૧ ઓક્ટોબર, ૨૦૧૬, મંગળવાર ; આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન





## હિલેરી- ટ્રમ્પના એકબીજા પર તેજાબી પ્રહારો

વોશિંગ્ટન,તા. ૧૦

અમેરિકામાં આગામી મહિનામાં યોજાનાર પ્રમુખપદની ચૂંટણી પહેલા આજે રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટન વચ્ચે થયેલી બીજી ડિબેટમાં પણ સળગતા વિષય ઉઠયા હતા. એકબાજુ હિલેરી ક્લિન્ટને મહિલાઓને લઈને કરવામાં આવેલા નિવેદન મુદ્દે ટ્રમ્પ પર પ્રહારો કર્યા હતા. હિલેરીએ કહ્યુ હતુ કે હાલમાં જારી કરવામા આવેલા વિડિયોથી ટ્રમ્પનો વાસ્તવિક ચહેરો તમામની સામે આવી ગયો છે. હિલેરીએ કહ્યુ છે કે ટ્રમ્પ કેટલીક વખત મહિલાઓનુ આ રીતે અપમાન કરી ચુક્યા છે.



મહા આરતી - ગાંધીનગર કલ્ચરલ ફોરમના ચાચર ચોકમાં મહાઅષ્ટમીની મધ્યરાત્રીએ માતાજીના પગલા પડ્યા હતા... ૨૧ હજાર દિવડાઓની ભવ્ય અને દિવ્ય આરતીથી રચાયેલ માતાજીના પગલાની પ્રતિકૃતિઓથી ભાવિકો ભાવવિભોર બન્યા હતા... સૌના મનમાં એક જ ગરબો ગૂંજતો હતો - કુમકુમના પગલાં પડ્યા... માડી તારા હેત ઢળ્યા....

# કાશ્મીરના પંપોરમાં ત્રાસવાદીઓ ઘુસ્યા

**સેનાના જવાનો સાથે ત્રાસવાદીઓની જોરદાર અથડામણ : ત્રણ આત્મઘાતી ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવવા ઓપરેશન : છેલ્લા ૨૦ દિવસની અંદર ચોથો મોટો હુમલો : મનોહર પારીકરની સુહાગ સાથે વાતચીત**

પંપોર,તા. ૧૦

જમ્મુ કાશ્મીરના પંપોર વિસ્તારમાં ત્રાસવાદીઓ અને સેના વચ્ચે આજે ફરી ભીષણ અથડામણ થઈ હતી. શ્રીનગરના બહારના વિસ્તારમાં આવેલા જેકેઈડીઆઈ ઈમારતમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. બીજી બાજુ આ હુમલા વચ્ચે સેનાના વડા દલબીરસિંહ સુહાગે સંરક્ષણ મંત્રી મનોહર પારીકર સાથે ફરી વાત કરી હતી અને તેમને સ્થિતિથી વાકેફ કરાયા હતા. જમ્મુ કાશ્મીર ઈડીઆઈની ઓફિસ ઝેલમ નદીના કિનારે સ્થિત છે જે શ્રીનગર શહેરથી ૧૨ કિલોમીટરના અંતરે છે. ઈડીઆઈ હોસ્ટેલમાં હુમલો કરવાના અહેવાલથી ફરી એકવાર તંગદિલી


● અનુસંધાન પાન-૭ પર



**ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.**

હેડ ઓફીસ : અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર, ફોન : ૨૩૨૪૩૯૩૪
સેક્ટર-૨૪ શાખા : સેક્ટર-૨૪, ફોન : ૨૩૨૮૭૩૪૨
કુડાસણ શાખા : સનરાઈઝ આર્કેડ, કુડાસણ, ફોન : ૨૩૬૦૦૮૦૦
વાવોલ શાખા : વેર હાઉસ, વાવોલ, મો. : ૯૧૩૭૬૭૩૩૭૮

**દિવાળી નિમિત્તે વાહનલોન માટે ખાસ ઓફર**

- દિવાળીના તહેવાર નિમિત્તે વાહન લોન (સ્વ. વપરાશ) માટે વ્યાજ દર ૧૦.૫% (કપાત) કરવામાં આવેલ છે.
- સરળ અને ઝડપી લોન મંજુરી
- સપળ માસીક હપ્તા
- વહેલી ચુકવણી ઉપર કોઈ ચાર્જ નહીં
- આ ઉપરાંત પર્સનલ લોન, મકાન લોન, વેપારી માટે કેશ ક્રેડીય / ટર્મ લોન, બચતપત્રો સામે લોન મળશે.
- નજીકની શાખાનો સંપર્ક કરો

**હાર્દિક શુભેચ્છા**



**શ્રી રસિકલાલ મણીલાલ પટેલ**

ચેરમેનશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગરમાં સતત પાંચમી વખત બિનહરીફ ચેરમેન તરીકે વરણી પામેલા રાંધેજાના વતની શ્રી રસિકલાલ મણીલાલ પટેલને અમારા અંતઃકરણના લાખ લાખ અભિનંદન સહ... આપના નેતૃત્વમાં APMC ગાંધીનગર વણથંભી વિકાસની ગાથાઓ વણતી રહે તેવી શુભેચ્છાઓ સહ...

**શુભેચ્છકો**

પટેલ બળદેવભાઈ શંકરભાઈ (સેવા મંડળી, ચેરમેન)
પટેલ છનાભાઈ ભોળીદાસ
દેસાઈ તેજમલભાઈ કરમશીભાઈ
પટેલ રમણભાઈ આત્મારામદાસ (નાસિકવાળા)
પટેલ નિનુભાઈ પ્રહલાદભાઈ
દરબાર જશુજી લક્ષ્મણજી (તાલુકા પંચાયત સદસ્ય)




